**Vadodara Samachar**

**Edition:** Vadodara | **Date:** 15th February, 2013 | **Page No.:** 04 & 02

**વીસીસીઆઈ ઔદ્યોગિક મહાપ્રદર્શનનું આનંદીબેનના હસ્તે ઉદ્‌ઘાટન**

# શહેરમાં કાયમી પ્રદર્શન કેન્દ્ર બનાવવા માટે ૫૬ હેક્ટર જમીન અનામત રાખવામાં આવી છે : આનંદીબેન



વડોદરા,તા.૧૪

વુડા દ્વારા નગર આયોજનમાં વડોદરામાં કાયમી પ્રદર્શન કેન્દ્ર બનાવા માટે ૫૬ હેકટર જમીન અનામત રાખવામાં આવી છે તેનો ઉલ્લેખ કરતાં મહેસુલ અને શહેરી વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આઠમા વીસીસીઆઈ મહા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવાની સાથે જણાવ્યું હતું કે, રાજય ઉદ્યોગ વિભાગ સાથે પરામર્શ કરીને, વીસીસીઆઈ તેમજ વડોદરાના ઔદ્યોગિક મંડળો પીપીપી મેડમાં કાયમી પ્રદર્શન કેન્દ્રનાં નિર્માણનું આયોજન કરે. તેમણે માનવ સંપદા સુકાંકમાં ગુજરાતની પીછેહઠ નિવારવા માટે કુપોષણ નિવારણ તેમજ કન્યા ભ્રુણ હત્યાની અટકાયતના રાજય સરકારે હાથ ધરેલા વ્યૂહાત્મક પ્રયાસોમાં વીસીસીઆઈ સહિતના ઔદ્યોગિક સંગઠનો સહભાગીદાર બને અને સમાજ જાગૃતિના કાર્યક્રમમાં આ બે બાબતોના સમાવેશની સાથે, કામદાર પરિવારોની મહિલાઓ અને બાળકોમાં કુપોષણ નિવારણનું અભિયાન ઉપાડે તેવો ખાસ અનુરોધ કર્યો હતો. સાડા ત્રણ લાખ હેકટર જગ્યામાં ઔદ્યોગિક ઉત્પાદનો અને નવીન ટેક્નોલોજી સહિત વ્યાપાર-ઉદ્યોગ પ્રોત્સાહક મહાપ્રદર્શન યોજવા અને ખાસ કરીને લઘુ અને મધ્ય ઉદ્યોગોને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવવા માટે તેમજ એક મહિલાને સુકાનીપદ સોંપવા માટે તેમણે વીસીસીઆઈને અભિનંદન આપ્યા હતા. આઠમાં વીસીસીઆઈ મહા પ્રદર્શનના શુભારંભ સમારોહમાં મેયર ડો. જયોતીબેન પંડયા, સાંસદ બાળકૃષ્ણ શુકલ, ધારાસભ્યો સર્વ જીતુભાઈ સુખડીયા, યોગેશ પટેલ, રાજેન્દ્ર ત્રિવેદી, મનીષ વકીલ, રીજનલ પી.એફ.કમિશનર ડો. વેદપ્રકાશ, એસબીઆઈના ડીજીએમ અશ્વિન મહેતા, શ્રીમંત સમરજીતસિંહ ગાયકવાડ, નાયબ મેયર હરજીવન પરબડીયા, વિપક્ષી નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવ,સ્થાયી સમિતિના અધ્યક્ષ ડો. વિજય શાહ સહિત નગરસેવકો, ગુજરાત ચેમ્બર ઓફ કોર્મસના અધ્યક્ષ પ્રકાશ ભગવતી, ત્રિભુવન કાબરા, પ્રેમરાજ કશ્યપ અને કલ્પેશ પટેલ સહિત ઉદ્યોગપતિઓ, પ્રોફેશનલ્સ, વીસીસીઆઈ ટીમ મેમ્બર્સ સહિત મહાનુભવો ઉપસ્થિત રહયા હતા.

(અનુસંધાન ૨જા પાને)

## ઉદ્યોગ જગતને કુપોષણ નિવારણ અને કન્યા ભ્રુણ હત્યાની અટકાયતની સામાજીક જવાબદારી અદા કરવામાં સહયોગી બનવાનો અનુરોધ

**(શહેરમાં કાયમી ...)**

રાજય સરકરે એક વર્ષમાં ઉદ્યોગોના સહયોગથી કૌશલ્ય તાલીમ તેમજ ૧.૩૦ લાખ યુવાનોને રોજગારી આપીને સ્વામી વિવેકાનંદ સાર્ધ શતાબ્દી વર્ષમાં યુવા સશકિતકરણના સંકલ્પને સાકાર ક્ર્યો છે. તેવી લાગણી વ્યક્ત કરતાં મહેસુલ મંત્રીએ જણાવ્યું હતું કે, લઘુ ઉદ્યોગોના ક્ષેત્રમાં સહુથી વધુ રોજગારી મળે છે એ વાતની અગત્યના સમજીને રાજ્ય સરકારે મોટા ઔદ્યોગિક એકમોને પુરક હોય તેવા એન્સીલરી ઉદ્યોગોની સ્થાપનાથી લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહીત કરવાની નીતિ અપનાવી છે. તેમણે કેનાલો પર સૌર પેનલ્સ સ્થાપીને સૂર્ય ઉર્જા પેદા કરવા અને બાષ્પીભવન અટકાવીને ૨૦ ટકા જેટલી જળબચત કરવાના ગુજરાતના વૈશ્વિક પ્રથમ પ્રયોગની તથા જમીન વગર, હવામાં ખેતી કરવાના ક્રાંતિકારી કૃષિ ઉદ્યોગ પ્રયોગની માહિતી આપી હતી.

ઉદ્યોગપતિ ત્રિભુવન કાબરાએ વડોદરામાં કાયમી ઔદ્યોગિક પ્રદર્શન બનાવવાની માંગણીને ઉદ્યોગ જગત વતી ટ્રેકો આપ્યો હતો. પ્રેમરાજ કશ્પયે લઘુ ઉદ્યોગો અને ઉદ્યોગ સાહસિકોનો સાફલ્ય ગાથામાં વીસીસીઆઈના યોગદાન પર પ્રકાશ પાડયો હતો. ઔદ્યોગિક મહાપ્રદર્શન ગુજરાતમાં વીસીસીઆઈની ઓળખ બની ગયું છે તેનો આનંદ વ્યકત કરતાં અધ્યક્ષ અવી સબાવાલાએ જણાવ્યું હતું કે, વીસીસીઆઈમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગોના વિકાસના વિઝન, કમીટમેટ, કો-ઓર્ડિનેશન, ઈન્વોલ્વમેન્ટ, ઈન્કલુઝીવનેસ અને ઈનોવેશનનો સમન્વય થયો છે. તેમણે પ્રદર્શન દ્વારા નોલેજ શેરીંગ તેમજ બિન નિવાસી ગુજરાતીઓ સાથે સંકલન સેંતુની એનઆરજી સેન્ટરની પ્રવૃતિઓ પર પ્રકાશ પાડયો હતો.

અમે ૫ અગલ અલગ સેગમેન્ટસમાં રોગારીની ૮ તકો તારવી છે અને પ્રદર્શનના પાંચેય દિવસ પ્લેસમેન્ટ ફેર યોજાશે તવી માહિતી આપતા પ્રદર્શન આયોજન અધ્યક્ષ નિલેશ શુકલાએ ૧૯૯૬થી પડતર વડોદરામાં કાયમી પ્રદર્શન એ લઘુ-મધ્યમ ઉદ્યોગોનો કુંભમેળો છે તેવી લાગણી વ્યકત કરતાં તેમણે જણાવ્યું હતું કે, યુવાનોને ત્રણ ટોચના મેનેજમેન્ટ ગુરૂઓ ચેતન ભગત, અરિંદમ ચૌધરી અને શિવ ખેરા આ પ્રદર્શન દરમિયાન પ્રોત્સાહીત કરશે. ઉદ્‌ઘાટન સમારંભના અંતે જતીન શેઠે આભાર વ્યક્ત કર્યો હતો.